જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૯/૨૦૨૩    રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૪૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૫૮૬ લીટર દેશી દારૂ, ૧૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧૨ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૪૫૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-    સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૩

**ખાડીયાઃ** કમલેશભાઇ નરોત્તમભાઇ લોઢીયા (ઉ.વ.૪૭) (રહે. કોમલ એંકલેવ શાંતિવન પાલડી) એ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કમલેશભાઈ લોઢીયા માણેકચોક એમ.જી.હવેલી રોડ ઉપર ૨૪ કેરેટ બિલ્ડીંગમાં દુકાન નંબર-૧ ખાતે સોનીનો ધંધો કરતા હોઈ આરોપી (૧) તુલસીભાઇ રમેશભાઇ જોગીયા (રહે. ચોરવાડ જુનાગઢ) અને (૨) અજીતભાઇ રમેશભાઇ જોગીયા (રહે. માંગરોળ જુનાગઢ) એ ભેગા મળી કમલેશભાઈ લોઢીયા સાથે છેલ્લા અઠાર વર્ષથી ધંધાકીય રીતે સોનાના દાગીનાની લેવડ-દેવડનો વ્યવસાય કરી વિશ્વાસમાં લઈ તા.૦૧/૦૨/૨૦૨૩ ના રોજ સોનાના સાત જોડી ઝુંમર કિમત રૂપિયા ૩,૪૦,૦૦૦/- ઓર્ડર આપતા કમલેશભાઈ લોઢીયાએ દાગીના આંગડીયા પેઠી મારફતે મોકલી આપતા ઓર્ડર મુજબના દાગીના મેળવી લઈ આજદીન સુધી નાણાં નહી ચુકવી કમલેશભાઈ લોઢીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સમીરસિહ પ્રતાપસિહ ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** યજ્ઞેશ સ/ઓ ભરતભાઈ ત્રીવેદી (રહે. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટસ નવરંગપુરા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૦૨/૦૯/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અંધજન મંડળ ચાર રસ્તા પર આવેલ માનતા વાળા હનુમાનજી મંદીરના ફાયબરના શેડ તોડી અજાણી વ્યક્તિ મંદીરમાં પ્રવેશ કરી મંદીરની લોખંડની તિજોરી તોડી ચાંદીનો મુગટ કિમત રૂપિયા ૩૫૦૦/-, નાના-મોટા ચાર ચાંદીના છત્તર કિમત રૂપિયા ૨૫૦૦/-, પીતળનો ઘંટ કિમત રૂપિયા ૧૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૩**

**ખાડીયાઃ** પ્રવિણ હસાંજી પ્રજાપતી (ઉ.વ.૨૭) (રહે. ઝાટકણની પોળ કોટની રાંગ સારંગપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૦૨/૦૯/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

**આનંદનગરઃ** મધુબહેન વા/ઓ સુરેશભાઈ પાલીવાલ (ઉ.વ.૩૬) (રહે. ન્યુ જલકોલ એપાર્ટમેન્ટ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.દેસાઈ ચલાવે છે.

**વાસણાઃ** મીનાબહેન વા/ઓ અનિલભાઇ અગ્રવાલ (ઉ.વ.૬૦) (રહે. ઉપલવ સોસાયટી એપોલો ઇન્ટર નેશનલ સ્કુલ પાસે વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**વેજલપુરઃ** મનિષાબહેન વા/ઓ અલ્પેશભાઇ સોલંકી (ઉ.વ.૨૩) (રહે. એકલદેવનગર સાલપરા ફાટક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૩ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને પારેખ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૯/૨૦૨૩ કલાક ૭/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એમ” ડીવીજન ચલાવે છે.

**ઓઢવ**ઃ મનુભાઇ પોપટભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૨) (રહે. નિશીથપાર્ક સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૦૨/૦૯/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન જડેશ્વર મંદીરના ગેટ પાસે ચબુતરા નજીક પતરાના શેડની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરીટકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી